**Extra No. 331**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVI ]** **TUESDAY, SEPTEMBER 23, 2025 / ASVINA 1, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના તારીખઃ ૭મી ઓગસ્ટ, ૨૦૨૫ના જાહેરનામા ક્રમાંકઃ જીએચએમ/૨૦૨૫/૧૬૦/આરડી/એસવીટી/ઈ-ફાઈલ/૧૫/૨૦૨૫/૧૨૬૩/એચ.નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**રાજેન્દ્રસિંહ સોલંકી,**

સરકારના નાયબ સચિવ.

**NOTIFICATION**

***Regarding***

**The Amendment to the Gujarat Land Revenue Rules, 1972**

**ગુજરાત જમીન મહેસૂલ નિયમો, ૧૯૭૨ સુધારવા સંબંધી**

**જાહેરનામું**

**મહેસૂલ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૭મી ઓગસ્ટ, ૨૦૨૫

**ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯.**

**ક્રમાંક: જીએચએમ/૨૦૨૫/૧૬૦/આરડી/એસવીટી/ઈ-ફાઈલ/૧૫/૨૦૨૫/૧૨૬૩/એચ:-** ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ (સન ૧૮૭૯ના મુંબઈના પમા)ની કલમ ૧૩૨ સાથે વાંચતા, કલમ ૨૧૪ની પેટા-કલમ (૧) હેઠળ બહાર પાડવા ધારેલો નિયમોનો નીચેનો મુસદ્દો, આથી, સદરહુ અધિનિયમની કલમ ૨૧૪ની પેટા-કલમ (૩)થી ફરમાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યક્તિઓની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે અને આથી, નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી, ગુજરાત સરકાર, સદરહુ નિયમોનો મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુક્ત મુદત પૂરી થાય તે પહેલાં, સદરહુ નિયમોના મુસદ્દાના સંબંધમાં કોઈપણ વ્યક્તિ તરફથી ગુજરાત સરકારના સચિવ, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને જે કોઈ વાંધો અથવા સૂચન મળશે તે સરકાર વિચારણામાં લેશે.

**જાહેરનામાનો મુસદ્દો**

**ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯.**

**ક્રમાંક: જીએચએમ/૨૦૨૫/૧૬૦/આરડી/એસવીટી/ઈ-ફાઈલ/૧૫/૨૦૨૫/૧૨૬૩/એચ:-** ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ (સન ૧૮૭૯ના મુંબઈના પમા)ની કલમ ૧૩૨ સાથે વાંચતા, કલમ ૨૧૪ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત જમીન મહેસૂલ નિયમો, ૧૯૭૨ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. ગુજરાત જમીન મહેસૂલ નિયમો, ૧૯૭૨-માં, નિયમ-૧૯માં, પેટા-નિયમ (૨) પછી, નીચેનો પરંતુક ઉમેરવો:-

"પરંતુ સ્વામિત્વ (ગામોનો સરવે અને ગ્રામ્ય વિસ્તારોમાં સુધારેલી ટેકનોલોજી સાથે મેપીંગની) યોજનાના હેતુ માટે, સદરહુ સરવે ફી માંથી મુક્તિ આપવામાં આવી છે."

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**પ્રેરક. જે. પટેલ,**

સરકારના નાયબ સચિવ.

---

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.09.30 16:49:03 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar